## ✤ સ્થિતઃપ્રજ્ઞનાં લક્ષણો ✤

(સાંજની પ્રાર્થના) ● વંદના ●

જેને દિવ્ય સત્વો વડે સત્વી રહ્યાં, સૂર્યાગ્નિ વા વાદળાં,
જેનાં મંત્ર પુરાણ શાસ્ત્ર ભજનો, ગાયે ઋષિ વ્યાકુળાં.
યોગી ધ્યાન ધરી જ સંયમ કરી, જેની કરે ઝંખના,
જેનો પાર ન કોઈએ લહી શક્યા, તે દેવને વંદના.

**અર્જુન બોલ્યા :**

સમાધિમાં સ્થિતઃપ્રજ્ઞ જાણવો કેમ કેશવ ?
બોલે, રહે, ફરે કેમ મુનિ જે સ્થિર બુદ્ધિનો ? ૧

**શ્રી ભગવાન બોલ્યા :**

મનની કામના સર્વે, છોડીને આત્મમાં જ જે,
રહે સંતુષ્ટ આત્માથી, તે સ્થિતઃપ્રજ્ઞ જાણવો. ૨
દુઃખે ઉદ્વેગ ના ચિત્તે, સુખોની ઝંખના ગઈ,
ગયા રાગ-ભય-ક્રોધ, મુનિ તે સ્થિર બુદ્ધિનો. ૩
આસક્ત નહિ જે ક્યાંય, મળ્યે કાંઈ શુભાશુભ,
ન કરે હર્ષ કે દ્વેષ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર. ૪
કાચબો જેમ અંગોને, તેમ જે વિષયો થકી,
સંકેલે ઈન્દ્રિયો પૂર્ણ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર. ૫
નિરાહારી શરીરનાં, ટળે છે વિષયો છતાં,
રસ રહી જતો તેમાં, તે ટળે પેખતાં પરં. ૬
પ્રયત્નમાં રહે તોયે, શાણા યે નરનાં હરે,
મનને ઈન્દ્રિયો મસ્ત, વેગથી વિષયો ભણી. ૭
યોગથી તે વશે રાખી, રહેવું મત્પરાયણ,
ઈન્દ્રિયો સંયમે જેની, તેની પ્રજ્ઞા થઈ સ્થિર. ૮

વિષયોનું રહચે ધ્યાન, તેમાં આસકિત ઊપજે,
જન્મે આસકિતથી કામ, કામથી ક્રોધ નીપજે. ૯
ક્રોધથી મૂઢતા આવે, મૂઢતા સ્મૃતિને હરે,
સ્મૃતિ લોપે બુદ્ધિનાશ, બુદ્ધિનાશે વિનાશ છે.૧૦
રાગ ને દ્વેષ છૂટેલી, ઈન્દ્રિયો વિષયો ગ્રહે,
વશેન્દ્રિય સ્થિરાત્મા જે, તે પામે છે પ્રસન્નતા.૧૧
પામ્યે પ્રસન્તા તેનાં, દુઃખો સૌ નાશ પામતાં,
પામ્યો પ્રસન્નતા તેની, બુદ્ધિ શીઘ્ર બને સ્થિર૧૨
આયોગીને નથી બુદ્ધિ, અયોગીને ન ભાવના,
ન ભાવહીનને શાંતિ, સુખ ક્યાંથી આશંતને ?૧૩
ઈન્દ્રિયો વિષયે દોડે, તે પૂંઠે જે વહે મન,
દેહિની તે હરે બુદ્ધિ જેમ વા નાવને જળે.૧૪
તેથી જેણે બધી રીતે, રક્ષેલી વિષયો થકી,
ઈન્દ્રિયો નિગ્રહે રાખી, તેની પ્રજ્ઞા થઈ સ્થિર૧૫
નિશા જે સર્વ ભૂતોની, તેમાં જાગ્રત સંયમી,
જેમાં જાગે બધાં ભૂતો, તે જ્ઞાની મુનિની નિશા૧૬
સદા ભરાતા અચલ પ્રતિષ્ઠા
સમુદ્રમાં નીર બધાં પ્રવેશે;
જેમાં પ્રવેશે સહુ કામ તેમ,
તે શાંતિ પામે નહિ કામકામી૧૭
છોડીને કામના સર્વે, ફરે જે નર નિઃસ્પૃહ,
અહંતા મમતા મૂકી, તે પામે શાંતિ ભારત.૧૮
આ છે બ્રહ્મદશા એને, પામ્યે ના મોહમાં પડે,
અંત કાળેય તે રાખી, બ્રહ્મનિર્વાણ મેળવે.૧૯

卐

## રાજપદ: હે પ્રભુ, હે પ્રભુ !

હે પ્રભુ, હે પ્રભુ, શું કહું, દીનાનાથ દયાળ,
હું તો દોષ અનંતનું, ભાજન છું કરૂણાળ. ૧
શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજ રૂપ,
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમ સ્વરૂપ. ૨
નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહી,
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાંહી. ૩
જોગ નથી સત્‌સંગનો નથી સત્ સેવા જોગ,
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ ૪
હું પામર શું કરી શકું, એવો નથી વિવેક,
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫
અચિંત્ય તુજ મહાત્મ્યનો, નથી પ્રફુલિત ભાવ,
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ, ૬
અચલ રૂપ આસકિત નહિ, નહિ વિરહનો તાપ,
કથા અલભ્ય તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ ૭
ભક્તિ માર્ગ પ્રવેશ નહિ, નહિ ભજન દૃઢ ભાન
સમજ નહિ નિજધર્મની નહિ શુભ દેશે સ્થાન ૮
કાળ દોષ કળિથી થયો, નહિ મર્યાદા ધર્મ,
તોયે નહિ વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯
સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ,
દેહેન્દ્રિય માને નહિ, કરે બાહ્ય પર રાગ. ૧૦
તુજ વિયોગ સ્ફુરતો નથી. વચન નયનયમ નાહિ
નહિ ઉદાસ અનભકતથી, તેમ ગૃહાદિક માંહી. ૧૧
અહં ભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાહિ,
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ. ૧૨
એમ અનંત પ્રકારથી, સાધન રહિત હું ય,
નહિ એકે સદ્‌ગુણ પણ, મુખ બતાવું શું ય. ૧૩
કેવળ કરુણા-મૂર્તિ છો. દીનબંધુ દીનાનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪
અનંત કાળથી આથડયો, વિના ભાન ભગવાન,
સેવ્યા નિ ગુરુ સંતને, મૂકયું નહિ અભિમાન. ૧૫
સંત-ચરણ આશ્રય વિના. સાધન કર્યાં અનેક
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક ૧૬
સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય,
સત સાધન સમજ્યો નહિ, ત્યાં બંધન શું જાય. ૧૭
પ્રભુ પ્રભુલય લાગી નહિ, પડયો ન સદ્‌ગુરુ પાય,
દીઠા નહિ નિજ દોષ તો, તરિયે કોણ ઉપાય. ૧૮
અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શું ય ૧૯
પડી પડી તુજ પદ પંકજે, ફરી ફરી માંગુ એ જ,
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દેજ. ૨૦

卐

## શંભુ શરણે પડી

શંભુ શરણે પડી માંગુ ઘડી યે ઘડી કષ્ટ કાપો
દયા કરી દર્શન શિવ આપો

અંગે ભસ્મ સ્મશાનની ચોળી
સંગે રાખો સદા ભૂત ટોળી
ભાલે તિલક કર્યું, કંઠે વિષ ધર્યું
અમૃત આપો.......દયા કરી દર્શન...

આપો દસ્ટિમાં તેજ અનોખું,
સારી સૃષ્ટિને શિવરૂપ દેખું,
ટાળો માન મદા, ગાળો ગર્વ સદા,
સમજણ આપો......દયા કરી દર્શન...

હું તો એકલપંથી પ્રવાસી,
છતાં આત્મા છે કેમ ઉદાસી,
થાક્યો મથી રે મથી, કારણ મળતું નથી
શક્તિ આપો.......દયા કરી દર્શન...

ભોળા શંભુ ભવ દુઃખ કાપો,
નિત્ય સેવાનું શુભધન આપો
ટાળો માન મદા, ગાળો ગર્વ સદા
ભક્તિ આપો......દયા કરી દર્શન...

## મારી નાડ તમારે હાથે

મારી નાડ તમારે હાથે, હરિ સંભાળજો રે;
મુજને પોતાનો જાણીને પ્રભુપદ પાળજો રે....મારી૦

પથ્યાપથ્ય નથી સમજાતું;
દુઃખ સદૈવ રહે ઊભરાતું;
મને હશે શું થાતું, નાથ નિહાળજો રે....મારી૦

અનાદિ આપ વૈદ્ય છો સાચા,
કોઈ ઉપાય વિષે નહિ કાચા;
દિવસ રહ્યા છે ટાંચા, વેળા વાળજો રે....મારી૦

વિશ્વેશ્વર શું હજી વિસારો,
બાજી હાથ છતાં કાં હારો;
મહા મુંઝારો મારો, નટવર ટાળજો રે....મારી૦

કેશવ હરિ મારું શું થાશે,
ઘાણ વળ્યો શું ગઢ ઘેરાશે;
લાજ તમારી જાશે, ભૂધર ભાળજો રે....મારી૦

•

## સ્તુતિ

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ
ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ
ત્વમેવ સર્વં મમ દેવ દેવ.

## : ગીતા સાર :

બોલ્યા બોલ્યા શ્રી ભગવાન (૨) અર્જુન સાંભળો રે,
તમને કહું છું ગીતા જ્ઞાન (૨) અર્જુન સાંભળો રે...બોલ્યા...
આત્મા મરતો નથી અમર છે; એવું સમજે તે જ્ઞાન છે,
તે સાંખ્ય યોગી કહેવાય અર્જુન, સાંભળો રે...બોલ્યા...
સત્કર્મ ધર્મ કહેવાય, આચરતા ચિત્તશુદ્ધિ થાય,
તે કર્મ-યોગ કહેવાય, અર્જુન, સાંભળો રે...બોલ્યા...
સત્કર્મ સદા આચરીએ, ફળ હરિને અર્પણ કરીએ,
તે બ્રહ્માર્પણ કહેવાય, અર્જન સાંભળો રે...બોલ્યા...
જેમ કમળપત્ર પાણીમાં, તેમ રહે છે જે દુનિયામાં
તે સંન્યાસી કહેવાય, અર્જુન સાંભળો રે...બોલ્યા...
પોતે પોતાના ગુરુ બનીએ, નારાયણનું ધ્યાન ધરીએ,
તે સંયમી કહેવાય, અર્જુન સાંભળો રે...બોલ્યા...
વાસુદેવ સર્વ વ્યાપક છે, હજારોમાં કોક જાણે છે,
તે વિજ્ઞાની કહેવાય, અર્જુન સાંભળો રે...બોલ્યા...
આખા વિશ્વતણો ક્ષય થાય, મારું ધામ અક્ષય કહેવાય,
અક્ષર બ્રહ્મ તે કહેવાય, અર્જુન સાંભળો રે...બોલ્યા...
સરજું, પાળુંને સંહારું, ભાવે ભજન કરો તમે મારું
તે રાજ યોગ કહેવાય, અર્જુન સાંભળો રે...બોલ્યા...

અંતરની આંખો ખોલો, તમે સઘળે હવે તમે જોઈ લ્યો,
તે વિશ્વરૂપ કહેવાય, અર્જુન, સાંભળો રે...બોલ્યા
અનન્ય ચિંતન મારું કરશે, તે મૃત્યુ સાગર તરશે,
એવું ભક્તિયોગ સમજાવે, અર્જુન સાંભળો રે...બોલ્યા...
દેહ પ્રકૃતિનો કહેવાય, જીવ મારો અંશ કહેવાય,
ક્ષેત્ર ક્ષેત્રજ્ઞ કહેવાય, અર્જુન સાંભળો રે...બોલ્યા...
જ્યારે ભેદ ભાવના જાયે, ત્યારે સમાનતા આવે,
ત્યારે ત્રિગુણાતીત કહેવાય, અર્જુન સાંભળો રે...બોલ્યા...
જગ વૃક્ષ તણું જે મૂળ છે, જડ ચેતનથી ઉત્તમ છે,
તે પુરુષોત્તમ કહેવાય, અર્જુન સાંભળો રે...બોલ્યા...
સદ્‌બુદ્ધિ દેવ કહેવાય, કુબુદ્ધિ અસુર કહેવાય,
તે દેવાસુર કહેવાય અર્જુન સાંભળો રે...બોલ્યા..
જેવું અન્ન તેવું મન, તેવી શ્રદ્ધા જેવું મન,
તે શ્રદ્ધામય કહેવાય, અર્જુન સાંભળો રે...બોલ્યા...
સઘળા ધર્મો છોડી દોને, મારે શરણે આવોને,
મુક્ત સન્યાસી થઈને, અર્જુન સાંભળો રે...બોલ્યા...
ગીતામૃત પાન જે કરશે, તે મૃત્યુ સાગર તરશે.
'શિવરામ' થાશે જય જયકાર, અર્જુન સાંભળો રે...બોલ્યા...

卐

## – હરિને ભજતાં –

– શ્રી રામ –

હરિને ભજતાં હજુ કોઈની લાજ જતાં નથી જાણી રે...
જેની સુરતી શામળીયા સાથ. વદે વેદ વાણી રે....ટેક
વ્હાલે ઉગાર્યો પ્રલ્હાદ હિરણ્યકશ્યપુ માર્યો રે,
વિભીષણને આપ્યું રાજ, રાવણને સંહાર્યો રે....હરિને
વ્હાલે નરસિંહ મહેતાને હાર, હાથોહાથ આપ્યો રે
ધ્રુવને આપ્યુ અવિચળ રાજ, પોતાનો કરી સ્થાપ્યો રે...હરિને
વ્હાલે મીરાંબાઈનાં ઝેર હળાહળ પીધાં રે,
પંચાળીનાં પુર્યાં ચીર પાંડવ કામ કીધાં રે,....હરિને
આવો હરિ ભજવાનો લ્હાવો, ભજન કોઈ કરશોરે.
કર જોડી કહે પ્રેમળદાસ ભકતોના દુઃખ હરશે રે...હરિને

## * અમને અંતસમયે ઉપકારી વેલા આવજો રે *

અમને અંત સમયે ઉપકારી વેલા આવજો રે,
શ્રીમદ સદ્‌ગુરુ નામ તમારુ, પ્રાણજતા પણ નકરું ન્યારું
મનોહર મંગળ મુર્તિ નાથ બતાવજો રે...અમને અંત
વિકટ સમય સાચવજો વ્હાલા, કર કોટી કરી કાલાવાલા
આવી દિન દયાળ દયા દર્શાવજો રે......અમને
વસમી અંત સમયની વેળા, વ્હારે ધાજો વિઠ્ઠલ વેલા
પ્રણત પાળતું પેલા પળ પરખાવજો રે...અમને



## ૫૦ ઈતના તું કરના સ્વામી

ઈતના તું કરના સ્વામી, જબ પ્રાણ તનસે નીકલે;
ગોવિંદ નામ લેકર, ફિર પ્રાણ તનસે નીકલે—ઈતના.
શ્રી ગંગાજીકા તટ હો યા યમુનાજીકા બટ હો;
મેરે સાંવરા નિકટ હો, ફિર પ્રાણ તનસે નીકલે—ઈતના.
શ્રી વૃંદાવનકા સ્થલ હો, મેરે મુખમેં તુલસીદલ હો;
વિષ્ણુચરનકા જલ હો, ફિર પ્રાણ તનસે નીકલે—ઈતના.
સન્મુખ સાંવરા ખડા હો, બંસીકા સ્વર ભરા હો;
તીરછા ચરન ધરા હો, ફિર પ્રાણ તનસે નીકલે—ઈતના.
શિર સોહના મુગટ હો, મુખરૂપે કાલી લટ હો;
યહી ધ્યાન મેરે ઘટ હો, ફિર પ્રાણ તનસે નીકલે—ઈતના.
જબ કંઠ પ્રાણ આવે, કોઈ રાગ ન સતાવે;
યમ દર્શ ના દીખાવે, ફિર પ્રાણ તનસે નીકલે—ઈતના.
મેરા પ્રાણ નીકલે સુખસે, તેરા નામ નીકલે મુખસે;
બચ જાઉં ઘોર દુઃખસે, ફિર પ્રાણ તનસે નીકલે—ઈતના.
ઉસ વકત જલ્દી આના, નહીં શ્યામ ભૂલ જાના;
બંસીકી ધૂન સુનાના, ફિર પ્રાણ તનસે નીકલે—ઈતના.
યહ નેકસી અરજ હૈ, માનો તો ક્યા હરજ હૈ;
કુછ આપકા ફરજ હૈ, ફિર પ્રાણ તનસે નિકલે—ઈતના.
“ વિદ્યાનંદ ” કી યે અરજી, ખુદ ગર્જકી હૈ ગરજી;
આગે તુમારી મરજી, ફિર પ્રાણ તનસે નીકલે—ઈતના.

## • ભક્તિ કરતા છૂટે મારા પ્રાણ *

ભક્તિ કરતા છૂટે મારા પ્રાણ પ્રભુ એવું માગુ રે
રહે અંતસમયે તારો સાથ પ્રભુ એવું માગુ રે

તારું મુખડું મનોહર જોયા કરું
રાતદિવસ ભજન તારું બોલ્યા કરું
રહે અંત સમયે તારુ ધ્યાન પ્રભુ એવુ માગુ રે

મારી આશા નિરાશા કરશો નહિ
મારા અવગુણ હૈયામાં ધરશો નહિ
શ્વાસે શ્વાસે રટુ તારુ નામ પ્રભુ એવુ માગુ રે

મારા પાપને તાપ સમાવી લેજે
તારા બાળને દાસ બનાવી દેજે
દેજે આવીને દર્શન દાન પ્રભુ એવુ માગુ રે

જનમો જનમ રહું તારો દાસ, પ્રભુ! એવું માગું રે!
મારી પૂરણ કરજે આશ, પ્રભુ! એવું માગું રે

તારું સ્મરણ હૈયે રમતું રહે,
મન તારા ચરણમાં ભમતું રહે,
એવો અંતરમાં કરજે પ્રકાશ, પ્રભુ! એવું માગું રે;

સુખદુઃખમાં ભક્તિ છોડું નહીં,
જૂઠી માયા દેખીને દોડું નહીં,
તારાં ચરણે રહો મારો વાસ, પ્રભુ! એવું માગું રે;

અંતવેળાએ હાથ પકડી લેજે,
કરી તન્મય મને જકડી લેજે,
જોજે કરતા નહીં નિરાશ, પ્રભુ! એવું માગું રે

## મંગળ મંદિર ખોલો

મંગલ મંદિર ખોલો!
દયામય! મંગલ મંદિર ખોલો!...ધ્રુવ૦

જીવનવન અતિ વેગે વટાવ્યું,
દ્વાર ઊભો શિશુ ભોળો;
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,
શિશુને ઉરમાં લો લો!...દયામય૦

નામ મધુર તમ રટ્યો નિરંતર,
શિશુ સહ પ્રેમે બોલો;
દિવ્ય તૃષાતુર આવ્યો બાળક,
પ્રેમ-અમીરસ ઢાળો!...દયામય૦

•

ભિખારી આંગણે આવ્યો, પ્રભુજી! દ્વાર ખોલો ને!
તમારું નામ પોકારે, કૃપાળુ! કૈંક બોલો ને!....
ન આવ્યો લક્ષ્મી લેવાને, ન માગે રાજ-વૈભવને,
સુદામો બારણે ઊભો તલસતો દાસ દર્શન દો....
જરા દર્શન દઈ દો ને, પ્રભુ તેમાં જવાનું શું?
દયાનાં દાન દઈ દો ને, પ્રભુ ઓછું થવાનું શું?....
તમે દિલના દિલાવર છો, દયા ને પ્રેમના સિંધુ,
તમારા પ્રેમબિંદુથી પ્રભુ! તૃષા છિપાવો ને....
દયાળુ આપની દૃષ્ટિ જગત્-કલ્યાણ કરનારી,
પ્રભુ! મીઠી નજર નાખી, કરી દો તૃપ્ત, ગિરિધારી!....

## બહુ પુણ્ય કેરા પુંજથી

બહુ પુણ્ય કેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો,
તો યે અરે ! ભવચક્રનો, આંટો નહિ એકકે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો રાચી રહો ? ૧
લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવો !!! ૨
નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે;
પરવસ્તુમાં નહિ મૂંઝાવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે, પશ્ચાત દુઃખ તે સુખ નહીં. ૩
હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરુ ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરુ ?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં, સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં. ૪
તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું;
રે! આંત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદ્રષ્ટિ દ્યો આ વચનને હ્રદયે લખો. ૫



## રઘુપતિ રાઘવ રાજારામ

રઘુપતિ રાઘવ રાજારામ, પતિત પાવન સીતારામ
સીતારામ સીતારામ, ભજ મન પ્યારે સીતારામ...
— રઘુપતિ...
ઈશ્વર અલ્લાહ તેરે નામ, સબકો સન્મતિ દે ભગવાન
મંદિર મસ્જિદ તેરે ધામ, પતિત પાવન સીતારામ
— રઘુપતિ...
રાત્રે નિંદ્રા દિવસે કામ, ક્યારે ભજીશું શ્રી ભગવાન
— રઘુપતિ...
તનમેં રામ મનમેં રામ, અણું અણું મે રામ હિ રામ
— રઘુપતિ...
જલમેં રામ સ્થલમેં રામ, સારે જગમેં તું હી રામ
રઘુપતિ રાઘવ રાજા રામ, પતિત પાવન સીતારામ
સીતારામ સીતારામ, ભજ મન પ્યારે સીતારામ
— રઘુપતિ...

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ૐ

## અંતિમ અંજલિ – સમર્પણ-અબ સૌંપ દિયા

અબ સૌંપ દિયા ઈસ જીવન કા,
સબ ભાર, તુમ્હારે હાથોં મેં (૨)
હૈ જીત તુમ્હારે હાથોં મેં,
ઔર હાર તુમ્હારે હાથોં મેં. (૨)
મેરા નિશ્ચર્ય બસ એક યહી,
ઈક બાર તુમ્હેં પા જાઉં મેં. (૨)
અર્પણ કર દૂં દુનિયાભરકા,
સબ પ્યાર તુમ્હારે હાથોં મેં. (૨)
જો જગમેં રહૂં તો ઐસે રહૂં,
જ્યોં જલમેં કમલકા ફૂલ રહે. (૨)
મેરે સબ ગુણ દોષ સમર્પિત હો,
કરતાર ભગવાન તુમ્હારે હાથો મેં (૨)
યદિ માનવ કા મુઝે જન્મ મિલે,
તો તુમ ચરણોંકા પૂજારી બનું (૨)
ઈસ પૂજનકી ઈક ઈક રગકા,
હો તાર તુમ્હારે હાથોં મેં. (૨)
જબ જબ સંસારકા કેદી બનું,
નિષ્કામ ભાવ સે કર્મ કરું (૨)
ફિર અંત સમય મેં પ્રાણ તજૂં,
નિરાકાર/સાકાર તુમ્હારે હાથોં મેં. (૨)
મુઝમેં તુઝમેં બસ ભેદ યહી,
મૈં નર હૂં તુમ નારાયણ હો, (૨)
મૈં હૂં સંસાર કે હાથોં મેં
સંસાર તુમ્હારે હાથોં મેં (૨)

## પ્રભુ દ્વાર તમારા ખોલો

પ્રભુજી દ્વાર તમારા ખોલો રે
આવ્યો એક પુણ્ય આત્મા
આ દુનિયાની સગાઈ, રહી પ્યારમાં પથરાઈ
એમાં આત્મા ગયો લપેટાઈ રે...આવ્યો એક
આ ચારે કોરેની માયા, તેમાં સઘળાં ભેદ સમાયા
મન માનવનાં લોભાયાં રે...આવ્યો એક...
આ કાયા કુંભ છે કાચો, સમજો તો એમાં ન રાચો
પ્રભુ તું છે એક જ સાચો રે...આવ્યો એક...
એણે સતકર્મ બહુ કીધાં, એણે દુઃખ સહન કરી લીધાં
તારા નામનાં અમૃત પીધાં રે...આવ્યો એક...
લીધી તારા નામની માળી, હવે ભજીલે છેલ છોગાળા
આ ગિરધારી ગોપાલ રે...આવ્યો એક...
તારાં હાથે છે મુજ નૈયા, તને પોકારું તરવૈયા
તમે આવોને રખવૈયા રે... આવ્યો એક...
તમે વ્હારે આવો નાથ, મારો પકડીલોને હાથ
પછી છોડું નહિ સંગાથ રે... આવ્યો એક...
અવિચળ ભાનુ ચંદ્રા, એ તારી લીલા ગોવિંદા
ઓ જશોદાજીના નંદા રે...આવ્યો એક...
પ્રભુ એ છે પ્રાર્થના મારી, એ આત્માને લેજો તારી
પ્રભુ સુણજો કૃષ્ણ મોરારી રે...આવ્યો એક...

## હાંરે વહાલા અરજી અમારી

હાંરે વહાલા અરજી અમારી, સુણો શ્રીનાથજી,
લઈ જાજે તારા ધામમાં...હાંરે વહાલા...અરજી...

હાંરે મારા અંત સમયના બેલી,
હાંરે હવે મેલો નહિ હડસેલી;
હાંરે હું તો આવી ઊભો તમ દ્વારે શ્રીનાથજી,
લઈ જાજે તારા ધામમાં...

હાંરે નાથ કરુણાતણા છો સિંધુ,
હાંરે હું તો યાચું છું એકજ બિંદુ;
હાંરે એક બિંદુમાં નહિ થાય ઓછું શ્રીનાથજી,
લઈ જાજે તારા ધામમાં...

હાંરે મારું અંતર લેજો વાંચી,
હાંરે નથી મેંદીમાં લાલી લખાતી;
હાંરે પાને પાને એ પ્રસરી જાતી શ્રીનાથજી
લઈ જાજે તારા ધામમાં...

હાંરે તને સમજુંને શું સમજાવું,
હાંરે કે' તો અંતર ખોલીને બતાવું;
હાંરે તારા ભક્તોને એકજ આશા શ્રીનાથજી
લઈ જાજે તારા ધામમાં...

## હે નાથ, જોડી હાથ

હે નાથ, જોડી હાથ પાયે પ્રેમથી સહુ લાગીએ,
શરણું મળે સાચું તમારું એ હૃદયથી માગીએ.
જે જીવ આવ્યો આપ પાસે ચરણમાં અપનાવજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો...(૧)
વળી કર્મના યોગે કરીને જે કુળમાં એ અવતરે,
ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી આપની ભક્તિ કરે,
લક્ષચોર્યાસી બંધનોને લક્ષમાં લઈ કાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો..(૨)
સુસંપત્તિ, સુવિચારને સત્કર્મનો દઈ વારસો,
જન્મોજન્મ તમ ભક્તિથી કિરતાર પાર ઉતારજો.
આ લોકને પરલોકમાં તમ પ્રેમ રગ રગ વ્યાપજો...
પરમાત્માએ આત્માને શાંતિ સાચી આપજો...(૩)
મળે મોક્ષ કે સુખ સ્વર્ગનાં આશા ઉરે એવી નથી,
દ્યો દેહ દુર્લભ માનવીનો ભજન કરવા ભાવથી,
સાચું બતાવી રૂપ શ્રી રણછોડ હૃદયે સ્થાપજો,
પરમાત્માએ આત્માને શાંતિ સાચી આપજો..(૪)
હે નાથ, જોડી હાથ પાયે...

## માબાપને ભૂલશો નહિ.

ભૂલો ભલે બીજું બધું, માબાપને ભૂલશો નહિ;
અગણિત છે ઉપકાર એના, એહ વિસરસો નાહિં.

દેવો પૂજ્યા પૃથ્વી તણા, ત્યારે દીઠું તમ મુખડું;
એ પુનિત જનનાં કાળજાં, પથ્થર બની છૂંદશો નહિ.

કાઢી મુખેથી કોળિયો, મોંમાં દઈ મોટા કર્યા;
અમૃત તણા દેનાર સામે, ઝેર ઉછાળશો નહિ.

ખૂબ લડાવ્યાં લાડ તમને, કોડ સૌ પૂરા કર્યા;
એ કોડના પૂરનારના, કોડ પૂરવા ભૂલશો નહિ.

લાખો કમાતા હો ભલે, (પણ) માબાપ જેના ન ઠર્યાં;
એ લાખ નહિ પણ રાખ છે, એ માનવું ભૂલશો નહિ.

ભીને સૂઈ પોતે અને, સૂકે સુવાડયાં આપને;
એવી અમીમય આંખને, ભૂલીને ભીંજવશો નહિ.

પુષ્પો બિછાવ્યા પ્રેમથી, જેમણે તમારા રાહ પર;
એ ચાહના રાહ પર, કંટક કદી બનશો નહિ.

સંતાનથી સેવા ચાહો (તો) સંતાન છો સેવા કરો;
જેવુ કરો તેવુ ભરો એ ભાવના ભૂલશો નહિ.

ધન ખરચતાં મળશે બધુ (પણ) માતપિતા મળશે નહિ;
એના પુનિત ચરણો તણી, કદી ચાહના ભૂલશો નહિ.

## સમર્પણ

અબ સૌંપ દિયા ઈસ જીવન કા,
સબ ભાર તુમ્હારે હાથોં મેં. (૨)
હૈ જીત તુમ્હારે હાથોં મેં,
ઔર હાર તુમ્હારે હાથોં મેં. (૨)
મેરા નિશ્ચય બસ એક યહી,
ઈક બાર તુમ્હેં પા જાઉં મેં. (૨)
અર્પણ કર દૂં દુનિયાભરકા,
સબ પ્યાર તુમ્હારે હાથોં મેં. (૨)
જો જગમેં રહૂં તો ઐસે રહૂં,
જ્યોં જલમેં કમલકા ફૂલ રહે. (૨)
મેરે સબ ગુણ દોષ સમર્પિત હો,
કરતાર-ભગવાન તુમ્હારે હાથોં મેં. (૨)
યદિ માનવ કા મુઝે જન્મ મિલે,
તો તુમ ચરણોંકા પૂજારી બનું. (૨)
ઈસ પૂજનકી ઈક ઈક રગકા,
હો તાર તુમ્હારે હાથોં મેં. (૨)
જબ જબ સંસાર કા કૈદી બનું,
નિષ્કામ ભાવ સે કર્મ કરું. (૨)
ફિર અંત સમયે પ્રાણ તજું,
નિરાકાર-સાકાર તુમ્હારે હાથોં મેં. (૨)
મુઝમેં તુઝમેં બસ ભેદ યહિ,
મૈં નર હૂં તુમ નારાયણ હો. (૨)
મૈં હૂં સંસાર કે હાથોં મેં
સંસાર તુમ્હારે હાથોં મેં (૨)

° ° °

વંદન કરીએ શ્રી પ્રભુ તમને...
પહેલું વંદન માતપિતાને, બીજું વંદન ગુરુજી તમને.
ત્રીજું વંદન આદ્યશક્તિને, ચોથું વંદન ઉમા-પતિને
પાંચમું વંદન પુરુષોત્તમને, આશિષ આપો સહુ સુખ અમને.

---

° ° °

અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા;
ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા;
મહામૃત્યુમાંથી અમૃત સમીપે નાથ લઈ જા;
તું-હીણો હું છું તો તુજ દરશનાં દાન લઈ જા.

## રઘુપતિ રાઘવ રાજારામ

રઘુપતિ રાઘવ રાજારામ, પતિત પાવન સીતારામ
સીતારામ સીતારામ, ભજ મન પ્યારે સીતારામ...
— રઘુપતિ...
ઈશ્વર અલ્લાહ તેરે નામ, સબકો સન્મતિ દે ભગવાન
મંદિર મસ્જિદ તેરે ધામ, પતિત પાવન સીતારામ
— રઘુપતિ...
રાત્રે નિંદ્રા દિવસે કામ, ક્યારે ભજીશું શ્રી ભગવાન
— રઘુપતિ...
તનમેં રામ મનમેં રામ, અણું અણું મે રામ હિ રામ
— રઘુપતિ...
જલમેં રામ સ્થલમેં રામ, સારે જગમેં તું હી રામ
રઘુપતિ રાઘવ રાજા રામ, પતિત પાવન સીતારામ
સીતારામ સીતારામ, ભજ મન પ્યારે સીતારામ
— રઘુપતિ...

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ૐ



(પ્રાર્થના)

એ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ;
ગુણ તારા નિત ગાઈએ, થાયે અમારાં કામ.
હેત લાવી હસાવ તું, સદા રાખ દિલ સાફ,
ભૂલ કદી કરીએ અમે તો પ્રભુ તું કરજે માફ.
પ્રભુજી એટલું આપજે કુટુંબ-પોષણ થાય;
ભૂખ્યા કોઈ સૂએ નહીં સાધુ સંત બધાય.
અતિથિ નવ ઝાંખો પડે, આશિષ ના દુભાય,
જે આવે મમ આંગણે આશિષ દેતો જાય.
સ્વભાવ એવો આપજે, સૌ ઇચ્છીએ અમ દીન,
શત્રુ ઇચ્છે મિત્રતા ને પાડોશી ઇચ્છે પ્રીત.
વિચાર – વાણી – વર્તને સૌનો સાચો પ્રેમ.
સગાં, સ્નેહી, મિત્રનું ઇચ્છું કુશળ – ક્ષેમ.
જોવા આપી આંખડી, સાંભળવાને કાન,
જીભ બનાવી બોલવા, ભલું કર્યું ભગવાન.
એ ઈશ્વર ! તું એક છે, સર્જ્યો તેં સંસાર,
પૃથ્વી પાણી પર્વતો તેં કીધાં તૈયાર.
તારા સારા શોભીતા, સૂરજ ને વળી સોમ,
તે તો સઘળા તેં રચ્યા, જબરું તારું જોમ.
અમને આપ્યાં જ્ઞાનગુણ, તેનો તું દાતાર,
બોલે પાણી પ્રાણીયો એ તારો ઉપકાર.
કાપ કલેશ કંકાસને, કાપ પાપ પરિતાપ,
કાપ કુમતિ, કરુણા કીજે, કાપ કષ્ટ, સુખ આપ.

## જય જગદીશ હરે

જય જગદીશ હરે, પ્રભુ જય જગદીશ હરે,
ભક્તજનો કે સંકટ (૨) ક્ષણમેં દૂર કરે...ૐ જય૦

જો ધ્યાવે ફલ પાવે, દુઃખ વિણુ સે મનકા-પ્રભુ
સુખ સંપત્તિ ઘર આવે (૨) કષ્ટ મિટે તનકા...ૐ જય૦

માતપિતા તુમ મેરે, શરણુ ગ્રહું કિસકી-પ્રભુ
તુમ બિન ઔર ન કોઈ (૨) આશ કરું કિસકી...ૐ જય૦

તુમ પુરણુ પરમાત્મા, તુમ અંતરયામી-પ્રભુ
પરમ બ્રહ્મ પરમેશ્વર (૨) તુમ સબકે સ્વામી...ૐ જય૦

તુમ કરુણા કે સાગર, તુમ પાલન કર્તા-પ્રભુ
મૈં સેવક તુમ સ્વામી (૨) કૃપા કરો ભર્તા...ૐ જય૦

તુમ હો એક અગોચર, સબકે પ્રાણપતિ-પ્રભુ
કિસ વિધ મિલું દયામય (૨) તુમકો મૈં કુમતિ...ૐ જય૦

દીનબંધુ દુઃખહર્તા, તુમ રક્ષણ મેરે-પ્રભુ
કરુણા હસ્ત બઢાવો (૨) દ્વાર ખડા તેરે...ૐ જય૦

વિષય વિકાર મિટાઓ, પાપ હરો દેવા-પ્રભુ
શ્રદ્ધા ભક્તિ બઢાઓ (૨) સંતન કી સેવા...ૐ જય૦

તન મન ધન સબ કુછ હૈ તેરા-પ્રભુ
તેરા તુજકો અર્પણ (૨) ક્યા લાગે મેરા...ૐ જય૦



## : શાંતિ પાઠ :

ૐ દ્યૌઃ શાંતિરંતરિક્ષ ૐ શાંતિઃ પૃથ્વી
શાંતિરાપઃ શાંતિરોષધયઃ શાંતિ : વનસ્પત્યઃ
શાંતિર્વિશ્વેદેવાઃ શાંતિર્બ્રહ્મ શાંતિ સંર્વ ૐ
શાંતિઃ શાંતિરેવ શાંતિઃ સા મા શાંતિરેધી.

ૐ શાંતિ ! શાંતિ !! શાંતિ !!!

■

એક મીનીટ મૌન
ૐ થી શરૂ કરી
ૐ થી બંધ

■

અસતો મા સત્ ગમય ।
તમસો મા જ્યોતિર્ગમય ।
મૃત્યુમાં અમૃતં ગમય ।

ૐ શાંતિ : શાંતિ : શાંતિ : ॥